

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સુરક્ષા ને શાંતિ, ઝંખે છે વાસંતી વાયરા !*
*વિકાસ લટક્યો પંખે, છે વાસંતી વાયરા!*
*ફૂંકાયા લખોડ શંખે, છે વાસંતી વાયરા !*
*પાણી વિના અંગે ડંખે છે વાસંતી વાયરા !*

### હાઈકુ

*હજારો માલ્યા !*
*લોનની માફી માટે -*
*કરશે કૂચ!!*
*(નાસિક ના ખેડૂતો)*

*રોજ ફૂટે છે,*
*વિકાસ પરપોટા -*
*ફૂલ્યા કૌભાંડે*
*(ખાયકીની હવાથી)*

### ચિંતન

*દયા હૈ વહાં ધર્મ હૈ ! લોભ તહાં પાપ,*
*ક્રોધ હૈ વહાં કાળ હૈ, ક્ષમા યહાં આપ.*
*(આપ = પ્રભુ)*

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**પરમકૃપાળુ પરમાત્મા એ માનવ દેહ આપીને મનુષ્ય પર બહુ મોટો ઉપકાર કર્યો છે. મનુષ્ય જીવનને સાર્થક કરવા કબીર કહે છે કે પ્રભુ સ્મરણ અને ધર્મનું આચરણ એ માનવીનું લક્ષ્ય હોવું જોઈએ. માનવધર્મ વિષે વાત કરતા તેઓ કહે છે કે 'દયા એ જ ખરો ધર્મ' છે. જીવ માત્ર પ્રત્યે દયા રાખવીએ સાચું કર્તવ્ય છે, પણ મનુષ્યના મનમાં તો લોભ અને ક્રોધ ભરેલા પડ્યા છે, પણ મનુષ્ય ના મનમાં તો લોભ અને ક્રોધ ત્યાં પાપ છે અને જયાં કબીર છે કે જયાં લોભ ત્યાં પાપ છે એન જયાં ક્રોધ છે ત્યાં કાળ છે. ધ્યાની જેમ ક્ષમાનું પણ ધર્મમાં ઘણું ઊંચું સ્થાન છે. તે વિશે કબીર કહે છે કે જયાં ક્ષમા અને દયા છે ત્યાં ખુદ પરમેશ્વરનો વાસ છે.**

### સુવિચાર

- જેનામાં ઉત્તમ વિદ્યા અને ઉત્તમ ગુણ હોય તે બ્રાહ્મણ અને જેનામાં તે ન હોય તે શુદ્ર - **દયાનંદ સરસ્વતી**
- વિદ્યાર્થી માહિતી ભરવાનો કોથળો કે પાત્ર નથી, એ તો એવી સંવેદનશીલ હસ્તી છે કે તેની પૂરી અને પાકી માવજત થવી જ જોઈએ - **ચંદ્રકાન્ત શેઠ**
- કેળવણી એટલે જીવનમાં આવતી સારી નરસી પરિસ્થિતિઓનો સામનો કરવાની યોગ્યતા - **સંત રોબિન**
- યુનિવર્સિટીઓના ત્રણ મુખ્ય કર્તવ્યો છે. બુદ્ધિ, હૃદય અને સમૂહભાવનાનો વિકાસ કરવો - **એમ. સી. ચાગલા**
- તમારો દરેક શબ્દ પ્રાર્થના બને અને તમારું પ્રત્યેક કર્મ યજ્ઞ બને એવું જીવન જીવો - **મિખાઈલ નેમી**
- ક્ષમા કરનાર માણસ જ ક્ષમાને પાત્ર બનતો હોય છે - **સંત ફ્રાંસિસ**
- આજનું ઔષધ : એક ગ્રામ હીંગને ગરમ પાણી સાથે લેવાથી શરીરના કોઈ પણ દુઃખાવામાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ન્યૂયોર્ક શહેરમાં એક વડિલ સવારમાં ચાલતા જતા હતા રસ્તામાં છાપુ ખરીદવા ઊભા રહ્યા. છાપાંવાળા છોકરાએ કહ્યું, હું તમને છાપું નહીં વેંચી શકું સાહેબ' વડિલે કહ્યું, 'તું હમણાં તો છાપું લઈ જાઓ... ની બૂમો પાડતો હતો.' પેલા છોકરાએ કહ્યું, 'હા, પણ એ તો પેલા ચાર રસ્તા સુધી જ.'

વડિલ કહે, 'ચાર રસ્તા કે ત્રણ રસ્તા, પંચાત છોડ અને મને જલ્દી એક છાપું આપી દે' છોકરાનો જવાબ 'હું આપને છાપું નહીં વેચી શકું કારણ કે આ વિસ્તાર માલ્કમનો છે અને એ આ સ્ટ્રીના જમણા છેડે છે. એની પાસેથી છાપુ લઈ લેજો.'

વડિલે કહ્યું, 'આ માઈકલ કોણ છે અને આ એનો વિસ્તાર છે તેનો મતલબ છે ?'

છોકરાએ કહ્યું, 'સાહેબ અમે બધા છાપાંવાળાઓએ મળીને નક્કી કર્યું છે. એટલે આટલો વિસ્તાર માઈકલ માટે રાખવો. એ એક પગે લંગડો છે. અમારી જેમ ઝટ એનાથી બધા મકાનોમાં છાપું નાખવા પહોંચી શકાતું નથી એટલે અમે નક્કી કર્યું છે કે આટલા વિસ્તારમાં એને એકલાને જ છાપા વેચવા દેવા. સમજ્યા ? અને હા જુઓ પેલો માઈકલ આવે છે. જાઓ અને છાપુ લઈ લો એની પાસેથી.'

વડિલને છોકરાની સૂઝબૂઝ પર માન થયું. એમને વિચાર આવ્યો કે પોતાના વર્ગના જ નબળા પડેલા કોઈ વેપારીને આ રીતે તક આપવા માટે પોતાનો માલ વેચવાનું કેટલા વેપારી જતું કરે ?'

# જગતનો તાત જુધ્ધે ચડયો છે

**તંત્રીસ્થાનેથી...**

મહારાષ્ટ્રના ખેડૂતોનો મહેરામણ નાશિકથી ઊમટી મુંબઈના અરબી સમુદ્ર સુધી પહોંચી ગયો છે. કિસાન સેના (મોરચા)ની સામ્યવાદી લાલ ટોપીઓ અને દાતરડાના નિશાન વાળી ધજાઓથી નાશિકથી મુંબઈ સુધીનો ૧૮૦ કિ.મી.નો માર્ગ જાણે કેસૂડાં કે લાલ ગુલાબની જાજમ પાથરી હોય એવો લાગતો રહ્યો. છ દિવસથી ખેપ કરીને ખેડૂતોની આ પદયાત્રા આઝાદ મેદાનમાં પહોંચી ગઈ છે અને શરુ શરુમાં 'લાલભાઈઓની ફોજ' કહી ભારતીય જનતા પાર્ટી અને મહારાષ્ટ્રની દેવેન્દ્ર ફડણવીસ સરકાર જેને ઉતારી પાડતી હતી તે અત્યારે રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગયેલ છે. પાંત્રીસ હજાર ખેડૂતોને વિધાનસભાનો ઘેરો ઘાલતા અટકાવવા સરકારે પિસ્તાળીસ હજાર પોલીસવાળાઓનું દળ કટક ઉતારવું પડ્યું છે. મહારાષ્ટ્રના ખેડૂતો છેલ્લાં ઘણા વર્ષોથી દેવામાં ડૂબી જવાને કારણે આત્મવિલોપન કરતા રહ્યા છે, પણ એથી સરકારનું રૂવાડું સુધ્ધાં ફરક્યું નથી. નાશિક અને ઔરંગાબાદ સહિતના ખાનદેશ પટ્ટામાં ડુંગળી તો પુષ્કળ પાકે છે પરંતુ જયારે પાક ઊતરે છે ત્યારે એ પાણીના ભાવે વેચવો પડે છે. સ્વામીનાથન કમિશને ખેડૂતોની બેહાલીના ઈલાજ માટે કેટલાક કારગત ઉપાયો સૂચવ્યા છે. પરંતુ કેસરીયા સરકારને આ દુખિયારા જગતના તાતની કકળતી આંતરડી ઠારવાનો સમય જ કયાં છે ? એ તો પોતાના માલેતુજાર સમર્થકોનાં હિતો સાચવવામાં અને આગામી ચૂંટણીઓ માટે દેશની આર્થિક રાજધાનીમાંથી ફંડ ઉઘરાવવામાંથી જ નવરી નથી પડતી. દેવેન્દ્ર ભડણવીસ વડાપ્રધાનની પસંદગીના યુવાન નેતા છે અને પ્રસ્થાપિત નેતાગીરીને કોરાણે મૂકી મોદીએ મહારાષ્ટ્રના રાજકારણમાં આ લાંબી રેસના ઘોડાને લગામ સોંપી દીધી છે. પરંતુ મહારાષ્ટ્રમાં ભાજપ એકલા હાથે સત્તા હસ્તગત કરી શખે એ વાતમાં માલ નથી. એ સાચું કે પવાર જેવા પ્રખર મરાઠા નેતાનો વક્કર હવે પહેલાં જેવો રહ્યો નથી અને કોંગ્રેસ પણ એનું વજીદ ગુમાવી ચૂકી છે. પરંતુ ખેડૂતો કેડ બાંધીને મેદાનમાં ઊતરશે તો ભાજપનાં બધાં સમીકરણો બાજુએ ધકેલાઈ શકે છે. હાલમાં શિવસેના સત્તામાં ભાગીદારી ધરાવતી હોવા છતાં એના સર્વોચ્ચ નેતા ઉદ્ધવ ઠાકરે રોજના હિસાબે મોદી સરકારને ભાંડતા ફરે છે. આગામી ચૂંટણીમાં શિવસેના એકલા હાથે લડી લેશે એવી ઘોષણા થઈ ચૂકી છે. ખેડૂતોનું સ્વાગત કરવા અને આંદોલનમાં ખભેખભા મિલાવી સરકાર સામે લડત આપવાની તૈયારી શિવસેના અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના - બેઉએ બુલંદ સ્વરે ખાતરી આપીને બતાવી છે. કોંગ્રેસ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ, શિવસેના અને મનસે તમામ પાર્ટીઓને ખેડૂતોની આ તાકાત એક મંચ પર લાવી સત્તાધારી ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ મોરચો માંડવાનાં મંગળાચરણ કરી શકે છે. સામ્યવાદી પાર્ટી દેશમાંથી પોતાનું વજૂદ ગુમાવી રહેલી લાગતી હોય ત્યારે મહારાષ્ટ્રમાં આ લાલ વાવટાની ઐતિહાસિક કૂચ ઘણા બધા માંગાતાઓની ઊંઘ ઉડાવી શકે એમ છે. મુખ્યમંત્રી સહિત મહારાષ્ટ્રનું આખેઆખું મંત્રીમંડળ જગતના તાતની લાલ આંખ નિહાળી ધ્રુજી ઊઠ્યું છે. ખેડૂતોના પ્રશ્નો પરમત્વે પોતે સંવેદનશીલ હોવાનો દાવો કરતી મહારાષ્ટ્રની ભાજપ સરકાર સહિત કેન્દ્ર સરકારને પણ આ ઐતિહાસિક કૂચની સફળતાએ વિચારતી કરી મૂકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ખેડૂત નથી એટલે ખેડૂતની બેહાલીનો સાચો અંદાજ એમને ન હોય, પરંતુ પાંચ પચીસ ઉદ્યોગપતિઓને હાથવગા રાખીને હવે પછીની ચૂંટણી નહીં જીતી શકાય એના અહસારા તો કિસાનસેનાની આ દાંડીકૂચના જ દિવસે યોજાયેલ પ્રચંડ રેલીથી મળી જ ગયા છે.

# શું બોર્ડની પરીક્ષા છેલ્લી પરીક્ષા છે?

## અદબ-પલાંઠી મોં પર આંગળી



ડૉ. સંતોષ દેવકર

'કેમ કોઈ બોલતું નથી ?' રૈયાને પૂછ્યું.
'ચૂપ મર..... જોતી નથી ?' સ્મિતલે જવાબ આપ્યો.
'અરે.. પણ થયું છે શું ? કેમ બધા સજ્જડ થઈ ગયા છો ?'રૈયાને પુનઃ પ્રશ્ન કર્યો.
'વર્ગના બધાજ વિદ્યાર્થીઓ કાંઈ બોલે છે ?' શિવાની બોલી.
'ના, કોઈ કાંઈ જ બોલતું નથી.'
'હવે તો ચૂપ થઈ જા.' સ્મિતલે ભારપૂર્વક દમ માર્યો.
'ભલી બાઈ, હું એટલે જ તો પૂછું છું કે થયુ છે શું ?'
'ઓહ... આને કોણ સમજાવે ?' દીપાલી બોલી.

'સર પણ કાંઈ બોલતા નથી, વિદ્યાર્થીઓ એકદમ શાંત છે. વોટ ઈઝ ગોઈંગ ઓન ?'

વર્ગખંડમાં પ્રોફેસર પગ મૂકે ને વર્ગ આખ્ખો જીવંત થઈ જતો. બધાં વિદ્યાર્થીઓ તાનમાં આવી જતા. વિદ્યાર્થીઓના પ્રિય શિક્ષકના મુદ્દે આવું બનતું હોય છે. પરંતુ આજે સ્થિતિ સાવ જુદી હતી. થોડીક ગંભીર જણાતી હતી. વર્ગખંડમાં કયારેય નહિ ને આજે સર નિરાશ જણાતા હતા. વિદ્યાર્થીઓનું માર્કીંગ ખોટુ નહોતું. સરના ચહેરા પરની પ્રસન્નતા આજે બાષ્પીભવન થઈ ગઈ હતી. સરના નિરાશાજનક મૌનને તોડવાની કોઈ વિદ્યાર્થીની હિંમત થતી નહોતી.

સૌ જાણવા ઉત્સુક હતા. સરના દુઃખમાં ભાગીદારી કરવા તૈયાર હતા. વિદ્યાર્થીઓના મિજાજ સામે આખરે પ્રોફેસરે મૌન તોડયું. કહયું, 'ગઈકાલે મારી સોસાયટીમાં એક અઘટિત ઘટના બની. ધોરણ બારમાં અભ્યાસ કરતા એક તેજસ્વી વિદ્યાર્થીએ દવા પી લીધી. આજે હોસ્પીટલમાં એ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહયો છે.' બોલતાં-બોલતાં પ્રોફેસર ગળગળા થઈ ગયા. વિદ્યાર્થીઓ ફાટી આંખે સાંભળી રહયાં હતા.

પ્રોફેસરે પાણીનો ઘૂંટડો પી, થોડીક સ્વસ્થતા કેળવીને વાત આગળ ચલાવી. 'મને એ સમજાવો કે કોઈપણ પરીક્ષા જીવનની આખરી પરીક્ષા હોઈ શકે ? અરે જીવન જ એનું નામ જયાં ડગલે ને પગલે પરીક્ષા જ થતી હોય. "લહરોં સે ડર કર નૌકા પાર નહિ હોતી" કસોટી વગરનું જીવન અસંભવ છે.'

વિદ્યાર્થિનીઓની આંખમાં ઝળઝળિયાં આવી ગયા. 'પણ સર તેણે દવા કેમ પીધી ? ભણવામાં તો તેજસ્વી હતો.' હિરલે પ્રશ્ન કર્યો.

પ્રોફેસરે કહયું,'.... અરે... ભણવામાં તો ખૂબ હોંશિયાર. રેન્કર વિદ્યાર્થી. દસમાં ધોરણમાં હતો ત્યારે સ્કૂલમાં ફર્સ્ટ આવેલો. રિઝલ્ટ આવેલું ત્યારે મને પેંડા આપવા પણ આવેલો. પરંતુ બારમા ધોરણમાં તેણે અજુગતું પગલું ભર્યું.'

પ્રોફેસર વિદ્યાર્થીઓને સંબોધીને બોલ્યા, "ક્રિકેટની રમતમાં એક ઓવરમાં તમે ત્રણ બોલ રમી શકયા ને બાકીના ત્રણ ખાલી ગયા તો તમે નિષ્ફળ ગયા ? ના, તમે બીજી ઓવરમાં બધા બોલ રમવાનો પ્રયત્ન કરશો. સમજો કે બીજી ઓવરમાં આઉટ થઈ ગયા તો શું ક્રિકેટ રમવાનું છોડી દેશો ? ના, તમે બીજી ઈનીંગમાં વધુ પ્રેકટીસ કરીને વધુ સારો દેખાવ કરવાનો પ્રયત્ન કરશો"

'હા, સર અમે ખરેખર આમ જ કરીએ છીએ.' સૌ વિદ્યાર્થીઓ એક સાથે બોલ્યા.

'જેમ ક્રિકેટની કોઈ ઈનીંગ કે કોઈ ઓવર કે કોઈ બોલ છેલ્લો નથી હોતો તેમ જીવનની કોઈ પરીક્ષા કે ટેસ્ટ આખરી નથી હોતો. દુઃખ એ વાતનું છે કે શિક્ષણમાં પાંખો મળે છે પણ (હિંમત) હોંસલો મળતો નથી. અને માત્ર પાંખોથી ઊડી શકાતુ નથી. જીવનનું કોઈપણ કાર્ય સફળતાપૂર્વક કરવા માટે હિંમત (હોંસલો) જરૂરી છે. આંતરિક શકિતની તાકાત વગરનું બધુ નકામુ છે.'

પ્રત્યેક શાળામાં એક આશાવાદી અને પ્રયોગશીલ શિક્ષક મોજૂદ હોય છે. શિક્ષકના ખભે એ જવાબદારી છે કે બીજુ કશું થાય કે ન થાય પરંતુ એટલું ચોકકસ થાય કે પરીક્ષાના ડરથી કોઈ વિદ્યાર્થી આત્મહત્યા ન કરે !ગણિતના બે સૂત્રો કે અંગ્રેજીના ચાર સ્પેલીંગ કે પછી પ્રયોગના બે અવલોકનો નહિ સમજી શકે તો ચાલશે પરંતુ વિદ્યાર્થી જીવનની પરીક્ષામાં નાસીપાસ થાય એ નહિ ચાલે. વિદ્યાર્થીમાં હિંમત અને ધગશ ઊભા કરવાની જવાબદારી શિક્ષકની છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના પ્રેમાળ સંબંધો વગર આ સંસ્કરણ શકય નથી. સાબરકાંઠાના જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા કવિશ્રી ઉમાશંકર જોશી આ બાબતની સાક્ષી પૂરતાં લખે છે કે "કેળવણી બે વ્યકિતઓ વચ્ચેની પ્રક્રિયા હોય તો પ્રેમ જેવું બીજું કોઈ એનું માધ્યમ ન હોઈ શકે."

વિદ્યાર્થી જીવનની પ્રત્યેક સમસ્યાનો હિંમતપૂર્વક સામનો કરી શકે તેવા અભ્યાસક્રમની રચના થવી ઘટે. સૌ વિદ્યાર્થીઓ પ્રોફેસરને એકચિત્તે સાંભળી રહયાં હતા.

**મિસરી**

'બાળપણને નાથવાની સૌ મથામણ હોય છે,
ચોપડીમાં કયાં જીવનનું કોઈ શિક્ષણ હોય છે!
કાન્હો ગોવર્ધન ઉપાડે તો જગત લીલા કહે
રોજ બાળકને ખભે દફતરનું ભારણ હોય છે.'
- રાકેશ સગર, 'સાગર'

- santoshdevkar03@gmail.com

# પરીક્ષા માતા-પિતાની કે સંતાનોની !!!

## વિચારયાત્રા



ડો. જય ઓઝા
- jayuoza@gmail.com,
Mo. 9898046488

માનવજાતનાં હે આદિ પરમ માતા-પિતા
અમને માતા-પિતા થવાના પુનિત કાર્યમાં મદદ કરો...
બાળકોના પ્રશ્નોને અમે તેમની નજરે જોઈએ...
અમારું પોતાનું બાળપણ યાદ રાખીએ...
જેથી તેમની પાસેથી વધુ અપેક્ષા રાખવામાંથી બચીએ તેવી મદદ કરો...
શાંત મૌન તારાઓ જેવી અમને ધીરજ આપો...
ભયને બદલે પ્રેમથી તેમને જીતી શકીએ તેવી મદદ કરો
તેમને દોરવણી આપી શકું તેવી દઢતા મારા હાથમાં મૂકો,
કારણ કે નાની ઉંમરમાં ભૂલો થાય છે, ડગમગી જવાય છે
વીરતા પૂર્વક જીવવાનું અને પરાજયને હિંમતથી જીરવવાનું હું તેમને શીખવી શકું,
તેમના જીવનનું મૂલ્ય, તેઓ બીજાને કેટલા ઉપયોગી થઈ શકે તેના પર છે.
તેવું હું તેમને શીખવી શકું, તેવી શક્તિ આપો...
સાચું સુખ વસ્તુઓમાં નહીં પણ તેમના મન
અને પ્રાણના ઉઘાડમાં છે,
તેવું હું શીખવી શકું તે માટે મને મદદ કરો...
મારું પોતાનું જીવન તેનામાં વધુ ઉચ્ચરુપે
વધુ સુંદર, વધુ ઉમદારુપે પ્રગટ થાય,
તેવું કરવામાં મને મદદ કરો...
જેવા થવાની અમે પોતે કયારેય હિંમત કરી ન હોત તેવા તેમને બનાવવા માટેની અમને હિંમત આપો...

**- હેલન સ્ટીનર રાઈસ**

ગઈકાલથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં બેસનારા વિદ્યાર્થીઓની જ નહીં, તે દરેક સંતાનના માતા-પિતાની પણ પરીક્ષા શરુ થઈ છે...

વાસ્તવમાં માતા-પિતા બનવા માટે કોઈ તાલીમ કે વર્ગો આપણે ત્યાં હજી સુધી ચલાવવામાં નથી આવતા, પરંતુ સામાજિક પરિસ્થિતિઓ જોતાં એવું ચોક્કસ લાગે છે કે, ભવિષ્યમાં આવા વર્ગોમાં ઉત્તીર્ણ થનાર જ માતા-પિતા બની શકવા જોઈએ...

લગ્ન થાય એટલે બાયપ્રોડક્ટના સ્વરુપમાં સંતાન અવતરે ત્યારે મુશ્કેલી સર્જાય છે... ઉપરોક્ત કવિતામાં માતા-પિતાની જવાબદારીનું બખૂપી વર્ણન કરવામાં આવ્યું છે...

બાળક એ પ્રયોગશાળા નથી કે તમે એક પછી એક એક્સપીરીમેન્ટ તેના પર કરતા રહો... તેની અજાયબીભરી અને મૌલિક દુનિયાને છીનવી લઈને તેમને અન્યાય કરવાનો અધિકાર તમને બિલકુલ નથી...

ખાસ કરીને આ પરીક્ષામાં અને બોર્ડનો હાઉ ઊભો થઈ રહ્યો છે. તેવા માહોલમાં જો અત્યારે બાળકોના મગજની તાણને માપવાના મશીન હોત તો... ચોક્કસ તૂટી ગયા હોત... તેવા કપરા સંજોગોમાં પેરેન્ટીંગ સ્કીલની તાતી જરૂરિયાત છે...

અર્જુને કયારેક બોર્ડની પરીક્ષા નહોતી આપી, કે પછી યશોદાએ કયારેય કૃષ્ણને બોર્ડ એકઝામ પહેલાં દહીં ખવરાવીને મોકલ્યા નહોતા. શું થયું જો આવી એકાદ પરીક્ષામાં ઓછાં ટકા આવ્યા તો? જીવનના બધા દ્વાર બંધ થઈ જવાના છે ? તે બાળક માટે સૂરજ ઉગવાનો બંધ થઈ જવાનો છે ?

શું બધાં જ બાળકો ડૉકટર જ બનવા જોઈએ? બધા માત્ર એન્જીનીયર જ થવા જરૂરી છે ? અને જો એમ જ થશે તો... મસમોટી મેડિકલ કૉલેજ ઊભી કરનાર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કોણ બનશે ? એન્જીનીયર કૉલેજની જમીન તેનો વહીવટ કરનાર માલિકો કોણ બનશે ?

શું બધાને C.A. જ, બનાવવા છે ? કેમ કોઈ વિરલો સ્વતંત્ર વ્યવસાય કરીને તેના જવા પાંચ C.A.ને નોકરીમાં ન રાખી શકે ? જરાક તો અલગ વિચારતા થઈએ? હવે નો સમય સ્કીલનો સમય છે... કોઈ એક શોખ ને જો કોઈ એક સ્કીલ તમારી અફલાતૂન હશે, તમે તેમા માહીર હશો... તો દુનિયા જખ મારીને તમારા પગે પડશે...

'સ્કીલ ઈન્ડિયા' સૂત્ર કાંઈ એમ ને એમ જ નથી ફરતુ કરવામાં આવ્યું ?

બાળકોને સારા ટકા લાવવાની સાથે સારા માણસ બનાવવાની પણ ટ્રેનિંગ આપીએ...

રેસલીંગની સ્પર્ધામાં બે ફાઈટમાંથી કોઈ એકની જ જીત થવાની છે ત્યારે... બીજો જે હારે છે, તેને હાર પણ પચાવી લેતા શીખવાનું છે...

વિરતાથી જીવવાનું અને પરાજયને જીરવવાનું બંને જ્ઞાન આપણે આપવાનું છે... અને દસમું ધોરણ કે બારમું ધોરણ જીવનની અનેક પરીક્ષાઓમાંની એક સામાન્ય પરીક્ષા છે, તેને જ સર્વસ્વ ગણી લઈને બસ ડીપ્રેશનમાં જતું રહેવાનું નથી...

માત્ર સારું પરફોર્મન્સ આપતા શીખવવાનું છે, પરિણામ જે પણ આવે તેને માતા-પિતા તરીકે સૌ પ્રથમ પોતે સ્વીકારીને પછી બાળકને સ્વીકારતા શીખવવાનું છે... તેમના બાળક વેડાને જોતી વખતે પોતાનું શૈશવ ભૂલી જવાનું નથી...

આપણે મશીન તૈયાર નથી કરી રહ્યા એક ઉમદા ઈન્સાન ઉત્તમ નાગરિક તૈયાર કરી રહ્યા છીએ... તેને ચાવી આપીને નહીં સંસ્કાર આપીને ચલાવવાનો છે... તેને તાળીઓ પાડતો નહીં... તાળીઓ પડાવનાર બનાવવાનો છે... તેને ભીડનો હિસ્સો નહીં ભીડ એકઠી કરનાર બનાવવાનો છે...

આપણે તેને શીખવવાનું છે કે, ભણી ગણીને પણ જો બીજાના તાલે ન નાચવાનું હોય તો તે શિક્ષણ નથી... પોતાના સ્વતંત્ર વિચાર ઉપર નિર્ણય લેતા શીખવવાનું છે, અને ભૂલે ચૂકે પણ લીધેલો નિર્ણય ખોટો પડે તો ગલત પરિણામ ભોગવવાની સામી છાતીએ મુશ્કેલી સહન કરીને તે ભૂલને અનુભવ બનાવીને આગળ વધવાનું શીખવવાનું છે...

યેન-કેન પ્રકારે માર્ક લાવતા નહીં, પરંતુ પ્રામાણિકતાથી... સામાન્ય નંબર મેળવવો પણ મોટી જીત છે તે, સમજાવવાનું છે... પરીક્ષામાં ચોરી કરતા જો પરીક્ષકની નજરથી બચી જવાય પરંતુ પોતાની જ નજરમાં કેટલું પડી જવાય છે, તે શીખવવાનું છે...

જોયું... કહ્યું હતું ને કે માતા-પિતા તરીકે મારે ને તમારે કેટલું બધું હોમવર્ક કરવાનું છે ? ઉપરનું બધું પહેલા આપણે શીખીએ પછી જ તો બાળકોને શીખવી શકીશું ! ... ખરું ને !...







# નીચે બેસવાવાળો વ્યક્તિ કયારેય પડતો નથી : ગૌતમ બુદ્ધ

## અજવાળું - અજવાળું



તુષાર જોશી

"કહું છું સાયેબ, આ તમે મને કવર આલ્યું એમાં તો મોટી રકમ છે, મારે આટલા બધા ના લેવાય" ફોનમાં હિતેષે હિમાંશુને કહ્યું...

વાત લગ્નગાળાના સમયની છે, દરેક મા-બાપ હંમેશા એવું ઈચ્છે કે દીકરા-દીકરીના લગ્ન શ્રેષ્ઠ રીતે અને આયોજનબદ્ધતા અનુસાર થાય. હિમાંશુએ પણ પોતાના પરિવારનો આવો જ એક પ્રસંગ આનંદપૂર્વક ઉકેલ્યો હતો અને એમાં જયાં લગ્ન થયા એ જગ્યાના સાર-સંભાળ રાખનાર હિતેષને એણે લગ્નના બે-ચાર દિવસ પછઈ મીઠાઈ-કપડાં તથા રોકડા રૂપિયાનું એક કવર આપ્યું હતું. રાજી થઈને આ કવર આપીને એ નીકળી ગયો પછી એકાદ કલાકે હિતેષે આ કવર ખોલ્યું... સામાન્ય સ્થિતિમાં જીવનારા માણસો માટે એક સાથે મોટી રકમની નોટ જોઈને એની પત્નીએ કહ્યું, 'આપણે આટલા બધા રૂપિયા ના લેવાય, ઈમની કાંઈ ભૂલ થઈ હશે... ફોન કરો ને બોલાવો પાછા, ને કહો કે છોકરાને કપડાં કે મીઠાઈ ઠીક છે પણ આ રકમ બક્ષિસ રૂપે પણ વધુ છે.' એટલે હિતેષે ફોન કર્યો ત્યારે હિમાંશુ ગદગદિત થઈ ગયો એક સામાન્ય માણસના હૃદયની માણસાઈ અને પ્રમાણિકતા ઉપર... એણે કહ્યું 'અરે મા સમજીને આપ્યા છે, છોકરાઓને રાજી રાખજો ને તમેય રહેજો !'

આ વાત સાંભળીનો આવો જ અનુભવ શેર કરતા નીરજે કહ્યું કે મારે ત્યાં મારી ભત્રીજીના લગ્નમાં અમે સાઉન્ડ સિસ્ટમ અને ડી.જે.ના કામ કરવા માટે એક મિત્રને બોલાવ્યો હતો. એ કાંઈ બહુ લોકપ્રિય માણસ ન હતો, તો યે એણે કોઈ પૈસાની ચોખવટ કર્યા વિના સુંદર કામ કરી આપ્યું અને જયારે રકમ સામેથી અમે આપી તો કહે કે, 'મારે આટલા રૂપિયા ના લેવાય, બે હજાર રૂપિયા લો આ પાછા...' નીરજે આ રકમ લઈને ફરી પાછી એને પ્રેમપૂર્વક આપી ત્યારે મહાપરાણે આ રકમ તેણે લીધી હતી.

હજી આ વાત ચાલતી હતી ત્યાં હિમાંશુની દીકરી, જેના લગ્ન થયા હતા એ આ વાતો સાંભળી રહી હતી, એણે વળી નવી વાત કહી... "મને લગ્ન માટે હું તૈયાર થઈને બેઠી હતી ને બહાર વરઘોડાના બેન્ડવાજા વાગતા હતા ત્યારે એ હિતેષભાઈ અને એના વહુ મળવા આવ્યા હતા. મને કહે લો બેટા આ શુકનના રૂપિયા છે, અમારે આંગણે કન્યાદાન અપાઈ રહ્યું છે એનો અમને આનંદ છે." એમ કહીને મેં ના પાડી તોયે મને બસ્સો રૂપિયા આપ્યા હતા.' આ વાતે સહુનાં મનમાં હિતેષ અને એની પત્ની માટે વધુ પ્રેમ પ્રગટ કર્યા. આર્થિક રીતે માંડ બે ટંક અનાજ ભેગું કરતા આ પરિવારની પૈસા માટેની લાલચ સ્હેજ પણ ન હતી અને એ કરતાયે વધુ એની અંદર એમના વ્યક્તિત્વમાં પ્રેમ ધબકતો હતો.

આપણી આસપાસ કયાંક ને કયાંક મોટા પ્રસંગોએ નાના માણસોની પ્રમાણિકતા, સહૃદયતાના અને પ્રેમપૂર્ણ વ્યવહારના પ્રસંગો બનતા જ રહે છે. આપણે એની નોંધ લઈએ ત્યારે આપણને આખીયે ઘટનામાં રહેલા પ્રેમ - માણસાઈ અને પારિવારિક સંસ્કારો અનુભવાય છે.

નાનો માણસ વધુ લાલચી હોય એ વાત કયાંક કયારેક સાચી હશે, એવો અનુભવ જેને હશે એનો હશે પરંતુ એવી ઘટનાને આધાર બનાવવા કરતાં આવી ઘટનાઓને લોકો પાસે મુકીએ, એનો મહિમા ગાઈએ તો લાગે કે આપમે એ વ્યક્તિત્વના સદ્ગુણોથી - પ્રામાણિકતાથી રાજી છીએ ને એમના અજવાળા આપણને પણ ઉજાગર કરતા રહે છે.

● ● ●

કોઈએ ગૌતમ બુદ્ધને પૂછ્યું,
"તમે બહુ મોટા વિદ્વાન છો તો પણ આમ નીચે બેસો છો ?"
ગૌતમ બુદ્ધે જવાબ આપ્યો,
"નીચે બેસવાવાળો વ્યક્તિ કયારેય પડતો નથી."